# BUSINESS મિત્ર

## રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૬.૨૮ લાખ કરોડનો તોતિંગ વધારો; રિયલ્ટી અને પીએસયુ બેંકો ચમક્યા

# સેન્સેક્સ ૮૨૭ પોઇન્ટ ઊછળ્યો, નિફ્ટી ૨૪,૨૦૦ પાર!

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 10:** ઈરાન-યુએસ સાથેના યુદ્ધ વિરામ પુર્ણ થઈ ગયા બાદ જોરદાર કડાકા બાદ સતત બે દિવસથી સુધરી રહ્યા છે. જેમાં આજે નિફ્ટી 24200 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી. જ્યારે સેન્સેકસ 827 પોઈન્ટ સુધર્યો હતો. જેના લીધે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કપમાં રૂ. 6.28 લાખ કરોડનો વધારો થયો છે.

સેકટર વાઈઝ જોઈએ તો નિફ્ટી પર એફએમસીજી સિવાયના તમામ સેકટર પોઝિટિવ રહ્યા હતા. જેમાં નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 3.5 ટકા, પીએશયુ બેન્ક ઈન્ડેક્સ 3 ટકા અને આઈટી ઈન્ડેકસ 2 ટકા તેમજ મેટલ ઈન્ડેક્સ 1.5 ટકા વધ્યો હતો.

આ દરમ્યાન રૂપિયો સપાટ બંધ રહ્યો હતો. જ્યારે ક્રુડ ઓઈલના ભાવમાં નજીવો સુધારો જોવાયો હતો. એશિયન બજારો પણ તેજી જોવા મળી હતી. દક્ષિણ કોરિયાનો કોસ્પી અને નિક્કી સહિત એશઈયન બજારોમાં સુધારો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 827.57 પોઈન્ટ એટલે કે 1.08 ટકા વધીને 77569.39 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 77642 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77320 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 244.10 પોઈન્ટ એટલે કે 1.02 ટકા વધીને 24200 પોઈન્ટની સપાટી કુદાવીને 24206.90 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24228 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24120 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 793.45 પોઈન્ટ એટલે કેક 1.39 ટકા વધીને 58000 પોઈન્ટની સપાટી કુદાવીને 58045.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે જીએમઆર એરપોર્ટસમાં 28.12 ગણા, ન્યુજન સોફટવેરમાં 9.55 ગણા, એફલ થ્રીઆઈમાં 6.69 ગણા, સ્ટાર હેલ્થમાં 6.54 ગણા અને આઈનોક્સ વીન્ડમાં 6.27 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ન્યુજન સોફ્ટવેરમાં 38.04 ગણા, એલીકોન એન્જીનીયરીંગમાં 9 ગણા, મેગ્લોર રિફાઈનરીમાં 8.79 ગણા, સીડીએસએલમાં 5.43 ગણા અને બાટા ઈન્ડિયામાં 4.32 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવા મળ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડ્કેસ 1.40 ટકા વધ્યાહ તા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેકેસ 1.20 ટકા વધ્યા હતા, જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યા હતા. બીએસઈ ખાતે 2866 શેરો વધ્યા હતા, જ્યારે 1369 શેરો ઘટયા હતા અને 179 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 3.49 ટકા ઉછળ્યા હતા, જેમાં બ્રિગ્રેડ એન્ટર, ગોદરેજ પ્રોપર્ટીઝ, ડીએલએફ, શોભા, પ્રેસ્ટીજ એસ્ટેટ, એબી રિયલ એસ્ટેટ, અનંતરાજ, ફોનીક્સ મીલ્સ, લોઢા ડેવલપર્સ અને ઓબેરોય રિયલ્ટી ઉછળ્યા હતા.

વૈશ્વિક સ્તરે વોશિગ્ટન અને તેહરાન વચ્ચે સતત રાજદ્વારી જોડાણના સંકેતોએ મીડલ ઈસ્ટના સંઘર્ષ વિશે રોકાણકારોની ચિંતાઓને દુર કરી હોવાથી યુરોપિયન બજારો મિશ્ર ખુલ્યા બાદ સુધર્યા હતા. ગઈકાલે અમેરિકન બજારો સુધારા સાથે બંધ રહેતા એશિયન બજારો ઉંચા બંધ રહ્યા હતા. જેમાં સેમિકંડકટર શેરોમાં રેલી જોવા મળી હતી. મજબૂત કોર્પોરેટ કમાણી ટેકનોલોજી સેકટરના શેરોમાં રેલી વિસ્તૃત કરશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.13 ટકા, કેક 0.10 ટકા અને ડેક્સ 0.10 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 1.42 ટકા, સ્ટ્રેઈટસ 0.65 ટકા, હેગસેંગ 0.45 ટકા, કોસ્પી 2.46 કા, જકાર્તા 0.20 ટકા સુધાર્યો હતો. જ્યારે શાંઘાઈ 1.01 ટકા ઘટ્યો હતો.

### રૂપિયામાં સુધારો આગળ વધ્યો

અમેરિકા અને તેહરાન વચ્ચે ફરીથી રાજદ્વારી વાટાઘાટો ચાલશે તેવા અહેવાલોની પાછળ ક્રુડ ઓઇલમાં ઉછાળો અટકીને નજીવો ઘટાડા તરફી વલણ રહ્યું હતું, જેના પગલે ડોલરની સામે રૂપિયો 7 પૈસા સુધરીને 95.32ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.39ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.57, પાઉન્ડ 128.82, કેનેડિયન ડોલર 67.13, ઓસ્ટ્રેલિયન ડોલર 66.72, જાપાનીઝ યેન 0.5892 અને સીંગાપોર ડોલર 73.89ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.32 રૂ. |
| યુરો | 109.57 રૂ. |
| પાઉન્ડ | 128.82 રૂ. |
| યેન | 0.5891 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 827.57 | 77569.39 |
| નિફ્ટી | 244.10 | 24206.90 |
| બેન્ક નિફ્ટી | 793.45 | 58045.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જિયો ફાઇ. | 3.68 | 241.96 |
| HDFC લાઇફ | 2.87 | 567.70 |
| અદાણી એન્ટર | 2.39 | 3157.30 |
| એસબીઆઇ લાઇફ | 2.26 | 1862.90 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.19 | 1307.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 1.99 | 1244.30 |
| ઇટર્નલ | 0.96 | 289.65 |
| ભારતી એરટેલ | 0.55 | 1920.40 |
| નેસલે ઇન્ડિયા | 0.55 | 1455.20 |
| સન ફાર્મા | 0.17 | 1935.50 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 2.28 | 1308.85 |
| ટેક મહિન્દ્રા | 2.19 | 1455.45 |
| બીઇએલ | 2.17 | 414.85 |
| એક્સીસ બેન્ક | 1.92 | 1324.00 |
| ટાટા સ્ટીલ | 1.78 | 191.15 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 0.89 | 289.65 |
| ભારતી એરટેલ | 0.49 | 1921.10 |
| સન ફાર્મા | 0.19 | 1935.25 |
| ટ્રેન્ટ | 0.04 | 2902.75 |
| આઇટીસી | 0.02 | 281.90 |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-૩૦ | ૪૫૫૦ |
| એસ-૩૦ | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૩૫૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૧૪૭૮૮૦ |
| તેજાબી સોનું | ૧૪૭૭૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૦૪૯૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૪૯૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૮૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૭૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૮૫૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ ’’ | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ ’’ | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

# ચીપ કંપનીઓના શેરોમાં ફરીથી તેજીનો પવન

**કોસ્પી** સહિત એશિયન બજારો ઉછળ્યા

**મુંબઈ, તા. 10:** છેલ્લા 10 દિવસમાં એઆઈ સંચાલિત શેરોમાં ભારે વેચવાલી આવી હતી, ખાસ કરીને સેમિકંડકટરના શેરોમાં વેચવાલીના પગલે ફરીથી કોરિયા સહિત એશિયન બજારોમાં તેજી પરત ફરી હતી. એઆઈ સંચાલિત માગ વિશે નવેસરથી આશાવાદ પર એશિયન બજારોએ સેમિકંડકટર શેરોમાં ખરીદી કરી હતી. એમએસસીઆઈ એશિયા પેસિફિક ઈન્ડેકસ અડધા ટકા વધ્યો હતો. જાપાનનો નીક્કી 2.31 ટકા અ ટોપિક્સ 0.77 ટકા વધ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી 4.30 ટકા અને કોસ્ડ્ક ઈન્ડેકસ 5.11 ટકા વધ્યો હતો. જે છેલ્લે નીક્કી 1.42 ટકા, હેંગસેંગ 0.45 ટકા અને કોસ્પી 2.46 ટકા વધીને બંધ રહ્યા હતા.

ચીપ શેરોમાં તેજીના કારણે અમેરિકન બજારો પણ પોઝિટિવ બંધ રહ્યા હતા. જેમાં એનવીડિયા, એએમડી, બ્રોડકોમ, એમેઝોન, માઈક્રોન ટેકનો, મેટા પ્લેટફોર્મ્સ તેમજ ટેસ્લા અને સ્પેસએક્સ વધ્યો હતો.

**સુડોકુ ૬૫૭૩ - 'ક્રુતિ'**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૭ | ૮ | | | ૨ | ૪ | |
| | | ૪ | | | | ૩ | | |
| | ૩ | ૫ | | | ૯ | ૮ | ૬ | ૭ |
| ૫ | | | | | ૩ | ૪ | | |
| ૪ | ૭ | ૨ | | | | ૯ | | |
| | | ૯ | ૬ | ૨ | ૪ | | | ૫ |
| ૭ | ૪ | | | ૯ | | ૬ | ૨ | ૩ |
| | ૨ | ૩ | ૭ | | ૬ | ૫ | ૯ | |
| ૯ | | | | ૪ | | | | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

**દાદીમાના નુસખા**

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ગૂમડું**

જેને નીકળે એને દર્દની ખબર પડે. પાકીને ફૂટે ત્યારે જ રાહત થાય. અળસીનાં બીજ વાટી કરેલા લોટમાં સહેજ પાણી ભેળવી, ગરમ કરી, તેની પોટીસ ગૂમડા પર મૂકવી. ઝડપથી પાકી જશે.

**શબ્દગુંફન - ૭૨૪૦** અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | | ૫ |
| | | | | ૬ | | | ૭ | | |
| ૮ | | | ૧૦ | | | ૧૧ | | | |
| ૧૨ | | | | | ૧૩ | | | ૧૪ | |
| | ૧૫ | ૧૬ | | ૧૭ | | | ૧૮ | | |
| ૧૯ | | | | | ૨૦ | | | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | | ૨૫ | | ૨૬ | | ૨૭ | | |
| | | | ૨૮ | | | | ૨૯ | | |
| ૩૦ | | ૩૧ | | | ૩૨ | | | | ૩૩ |
| | | | | ૩૪ | | | ૩૫ | | |

**આડી ચાવી**

૧. પારસીઓનું દેવસ્થાન (૪)
૩. કમળ (૩)
૬. કસોટી, સત્ત્વ (૨)
૭. જીવનનો સ્વામી, પતિ (૩)
૮. નકામી ભાંજગડ (૫)
૧૧. અનુકૂળ વખત (૨)
૧૨. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૧૩. ઢાલ, વિલંબ (૨)
૧૪. લીલું ઘાસ (૨)
૧૫. જરૂરી જ ખર્ચ કરવાનું (૫)
૧૬. તંતુ, દોર (૨)
૨૧. કૃષ્ણ પક્ષનું (૨)
૨૩. જનાવર વગેરેના ખેલ તમાશો (૪)
૨૫. શરીર, પહેરણ (૩)
૨૬. મૂર્ખ, સંસ્કાર વિનાનું (૩)
૨૭. નાત જમાડવી તે (૨)
૩૦. ભાવ, તાત્પર્ય (૪)
૩૨. કબૂતર, હોલો (૩)
૩૪. ઠંડુ, ટાઢું (૨)
૩૫. ગમતી, વિનોદી (૩)

**ઊભી ચાવી**

૧. પોતાની જાતને મોટી સમજવી તે (૪)
૨. યાચના કરનાર, માગણ (૩)
૩. રગ, વલણ (૨)
૪. પાસે, સમીપ (૩)
૫. ઈશારો, સૂચન (૪)
૬. કસબ, હુન્નર (૨)
૯. રહેઠાણ, સ્થાનક (૩)
૧૦. એક જળચર પક્ષી (૩)
૧૧. ધરાયેલું, મસ્ત (૨)
૧૩. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૧૪. અવાજ વગરનું, શાંત (૩)
૨૬. બચાવનાર (૩)
૧૭. દીવાની જ્યોત (૨)
૧૯. ઉછાળો, જુસ્સો, વેગ (૨)
૨૦. આનંદ (૨)
૨૨. રોગી, બિમાર (૨)
૨૪. બનાવેલું (૩)
૨૫. કારણ (૩)
૨૬. ફાયદો, ફત્તેહ (૪)
૨૭. નવું, નવલું (૪)
૩૦. આનંદ (૨)
૩૨. થોડા વાળની સેર (૨)
૩૩. ખુશ, પ્રસન્ન (૨)

**આજનું પંચાંગ**

**તા. 11/07/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** વદ: બારસ 26:06
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 20
**યોગ :** ગંડ **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** કૃતિકા:11:05 પછી રોહિણી
**રાશિ :** વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 06:05 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
**નવકારસી :** 06:53
**પારસી વર્ષ :** 1395 સ્પેંદારમદ માસનો પ્રથમ રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 25મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ: સવારે : 09:30 થી 11:00 સુધી

**આપની આજ**

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મન પસંદ ભોજનનો આનંદ મળે. ઘરમાં ઉત્સવ જેવું રહે. પારિવારિક ધંધામાં આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** મોજ-શોખ પાછળ ખર્ચા વધે. રોમેન્ટીક મુલાકાત થાય. રોજગાર પ્રાપ્તિ થાય. ઘરમાં તાલમેળ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** મન અશાંત રહે. ગુપ્ત ભય સતાવે. સંતાનોથી અશાંતિ પેદા થાય. ખર્ચા વધે. કાયદાકીય કામમાં મદદ.

**કર્ક (ડ,હ,):** ઉચ્ચ કક્ષાના વફાદાર મિત્રોનો સાથ મળે. નવી ટેક્નોલોજીથી લાભ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે.

**સિંહ (મ,ટ,):** નવા વેપાર-ધંધામાં વડીલોની મદદ મળશે. ઉપરી વર્ગ સાથે ઘર્ષણ થાય. આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** પિતાની મદદથી વિદેશમાં વિદ્યાભ્યાસ અને ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

**તુલા (ર,ત,):** અચાનક નવી તક મળે. ઉઘરાણી આવે. પડવા -વાગવાથી સાવધાન. ખર્ચા વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** ભાગીદારીનાં કામ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. સમાજમાં માન વધે. ઘરમાં શાંતિ.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આરોગ્ય નરમ રહે. વિજાતિય આવેગ રહે. નોકરીમાં જવાબદારી વધે. હરીફોની હેરાનગતિ વધે.

**મકર (ખ,જ,):** બહારનાં કામ થાય. નવા ઓફિસ જમીનના સોદા થાય. વેપારમાં આવક વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વાણી પર કાબૂ રાખવો. અચાનક તક મળે. ઉચ્ચકક્ષાના લોકોની મદદ મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઘરમાં અવર-જવર વધશે. નવાં કામ થાય. આર્થિક બાબતે સાવધાની રાખવી.

**કોઈ પણ સાલમાં 11 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ**

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવી તક મળે. નવો ફેરફાર થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવે. નવાં રોકાણ થાય. સમાજમાં માન વધે.ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. સંતાનોના કામ અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. ટેક્નોલોજીનું શિક્ષણ ઉપયોગી રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અનુકૂળતા વધે. મદદ મળે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં પ્રગતિ થાય. મિત્રો-વડીલોની મદદથી આવક વધારવાની યોજના બને. યાત્રા-પ્રવાસ ધર્મ, કર્મ થાય. જૂન-જુલાઈ, સોમ, ગુરુવાર, 2,11,20, 29. તારીખે નવાં કામ કરવાં. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ કરવો. જાન્યુઆરી-ફેબ્રુઆરી, મંગળ-બુધવાર, 05, 08 તારીખે નવાં કામ ટાળવાં. કાળો લીલા રંગનો ઉપયોગ ટાળવો. ચંદ્રના ઉપાય કરવા.

# ખેતીની આવકની ગણતરી અને કરમુક્તિ

**ટેક્સ ટ્વિટર** — વિરેશ રૂદલાલ



આવકવેરા કાયદાની કલમ-2 (A) મુજબ ખેતીની આવક કરમુક્ત છે. ખેતીની જમીન ખેતીના હેતુસર ઉપયોગમાં લીધેલી હોવી જોઈએ. કલમ-2 (IA)ના ક્લોઝ (a) હેઠળ ‘‘ભાડું કે મહેસૂલ જે ખેતીની જમીનના ખેતીના કામ માટે ઉપયોગથી મળે’’ તેને ખેતીની આવક ગણી શકાય. જ્યારે ક્લોઝ (બી) અને ક્લોઝ (સી) જે રેગ્યુલર ખેતીની પ્રક્રિયા દ્વારા મળતી ઉપજને મેળવવા જમીન ઉપર મૂળભૂત પ્રક્રિયા જેવી કે જમીનને ખેડવી, બીજ વાવવા, પ્લાન્ટેશન જેવા કાર્યો થવા જરૂરી છે.

ખેતીની આવક કરપાત્ર નથી તેથી કરદાતાઓમાં આવકને ખેતીમાં ખપાવી દેવાની કોશિષ થાય છે. પરંતુ આકારણીમાં આવી વધારાની બતાવેલ આવક પૂરવાર નહિ થાય તો તેને ધંધાકીય અથવા અઘોષિત આવક તરીકે ગણીને ટેક્ષ અને દંડ વસૂલાય છે તેથી કરદાતાઓએ રીટર્નમાં એને યોગ્ય રીતે દર્શાવવી જરૂરી છે. ખેતીની આવક કરમુક્ત ભલે છે. પરંતુ એને રીટર્નમાં દર્શાવવાની ખાસ પધ્ધતિ છે અને અન્ય બીજી આવક સાથે એને ભેગી કરીને કરવેરાના દરના હેતુસર (Rate Purpose)ગણતરી કરવાની છે.

**ખેતીની આવક પૂરવાર કરવી**

ખેતીની આવક કરમુક્તિને પાત્ર છે તેથી ખેતીની છે અને સાચી છે તે પૂરવાર કરવાની પ્રાથમિક જવાબદારી કરદાતાની છે. કરદાતાએ ખેતીની ઉપજતા બીલ, ખર્ચાના વાઉચરો વિગેરે રજૂ કરવાના રહે છે. જેથી આવી આવકની સચ્ચાઈ જાણી શકાય- કેટલાક ઉપયોગી ચૂકાદાઓ.

**સી.આઈ.ટી.વિ. વેંકટ સ્વામી નાયડુ (સુપ્રિમ કોર્ટ)**

સી.આઈ.ટી. વિ. રામકૃષ્ણ દેવ (સુપ્રિમ કોર્ટ)

રાજા બહાદુર વિશ્વેશ્વરા સિંઘ (પટણા)

**ખાતા ઉપર જવાબદારી ક્યારે?**

કરદાતા પૂરતા પ્રમાણમાં પૂરાવાઓ રજૂ કરે ત્યારે ખેતીની આવક તરીકે સ્વીકારવા કે નહિ અને કરપાત્ર ગણવાની પૂરવાર કરવાની જવાબદારી ખાતાની બને છે, તે મુજબનો ઓરિસ્સા હાઈકોર્ટનો વિક્રમ દવે વર્માનો ચૂકાદો છે. કમિશનર ઓપ વેલ્થ ટેક્ષ વિ. ઓફિસર ઈનચાર્જ પઈગાહ (સુપ્રિમ કોર્ટ)નો ચૂકાદો છે.

**માન્ય વાઉચર્સ**

કરદાતા દ્વારા રજૂ કરવામાં આવતા ઉપજ વેચાણના વાઉચર્સ, બીલો, સ્વ-નિર્મિત (Selt made) પ્રકારના હોય છે જે સામે આવકવેરા અધિકારીને વાંધો હોય છે. પરંતુ આ અંગે કોઈ નિ?મ કે પરિપત્ર નથી. કરદાતા જો કેટલાક, પાકો જેવા કે રોકડ, ખરીફ જાતો, બટાટા, કાંદા અને શેરડી જેવા પાકો લે તો હોય તો સુગર મીલો, સહકારી મંડળીઓ કે ખેતીવાડી માર્કેટ કમીટીના પાકા બીલો મળી રહે છે તથા તે કમાનુસાર (Seaial) મુજબ હોય છે. આમ આવ જાતે બનાવેલ બીલો હંમેશા શંકાના દાયરામા રહે છે. પરંતુ તે અમાન્ય જ ગણાય એવો કોઈ કાયદો નથી. ખેતીની કેટલીક જાતો જી.એસ.ટી.ના દાયરામાં આવતી નથી તેથી તે કારણસર તથા આવા બીલો ગમે તેમ બનાવેલા છે, લેનારના એડ્રેસ મળતા નથી વિગેરે કારણોસરો અમાન્ય થાય નથી. આ અંગે ઈન્સેપ્કટર દ્વારા સ્થળ તપાસ પણ થવી જોઈએ.

એસેસમેન્ટમાં ખેતીની આવકની આકારણી કેવી રીતે થાય છે તથા ખર્ચાઓ કેટલા પ્રમાણમાં માન્ય ગણાય છે તે આવકા અંકે.

# જુનમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડનો પ્રવાહ વધીને રૂ. 28973 કરોડ

**ડેટ ફંડમાં** એક લાખ કરોડ રૂપિયાથી વધુનો આઉટફ્લો અને ગોલ્ડ ઇટીએફમાં મે મહિનામાં રૂ. 725 કરોડનો આઉટફ્લો થયો

**નવી દિલ્હી, તા. 10:** એસોસીએશન ઓફ મ્યુચ્યુઅળ ફંડસ ઈન ઈન્ડિયા- એમ્ફી દ્વારા જાહેર કરવામાં આંકડા અનુસાર ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડનો પ્રવાહ જુનમાં વધીને રૂ. 28973 કરોડ થયો હતો, જે અગાઉના મહિનામાં નરમ તયા પછી ફરીથી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારણાનો સંકેત આપે છે.

જ્યારે ઈક્વિટી પ્રવાહ દર મહિને સુધર્યો હતો, ત્યારે તે માર્ચ અને એપ્રિલમાં જોવા મળેલા સ્તરથી નીચે રહ્યો હતો, જ્યારે રોકાણકારોએ અનુક્રમે રૂ.40,000 કરોડ અને રૂ.38,000 કરોડનું રોકાણ કર્યું હતું. ઈક્વિટી સ્કીમ્સની એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) પણ જૂનમાં વધીને 37.34 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે, જે મે મહિનામાં 36.14 લાખ કરોડ રૂપિયા હતી. હાઈબ્રિડ ફંડ્સે રોકાણકારોનું રસ આકર્ષિત કરવાનું ચાલુ રાખ્યું હતું, જે અગાઉના મહિનામાં રૂ.10,560 કરોડની તુલનામાં રૂ.12,893 કરોડનો ચોખ્ખો પ્રવાહ નોંધાવ્યો હતો.

દરમ્યાન ડેટ મ્યુચ્યુઅલ ફંડસમાં વધુ એક મહિનો ભારે આઉટફલો જોવા મળ્યો હતો, જેમાં રોકાણકારોએ રૂ. 1.09 લાખ કરોડ ઉપાડ્યા હતા. જે મે મહિનામાં રૂ. 96949 કરોડનો આઉટફલો હતો. ડેટ ફંડ એયુએમ આ સમયગાળા દરમ્યાનરૂ. 18.25 લાખ કરોડથી ઘટીને રૂ. 17.38 લાખ થયો હતો.

આવી જ રીતે જુનમાં નોંધપાત્ર વલણોમાંનું એક ગોલ્ડ ઈટીએફમાં તીવ્ર પરિવર્તન હતું. મે મહિનામાં રૂ. 725 કરોડનો ચોખ્ખો આઉટફલો જોવા મળ્યો હતો. આ કેટેગરીએ જુનમાં નવા રોકાણમાં રૂ. 3443 કરોડનું રોકાણ કર્યુ હતું, જે પાછલા મહિનાના વલણને ઉલટાવી દે છે.

ઈક્વિટી બજાર પર નજર નાંખીએ તો જુન મહિનામાં ઈક્વિટી ઈનફલો રીકવર થયો હતો, પરંતુ રોકાણકારોની પસંદગીઓ મોટાભાગે યથાવત રહી હતી. એક રસપ્રદ વલણ એ હતું કે, મિડકેપ અને સ્મોલકેપ યોજનાઓ માટે સતત પસંદગી ચાલુ હતી. આ બંને કેટેગરીમાં મળીને લગભગ રૂ. 11692 કરોડ આવ્યા હતા, જે મહિના દરમ્યાન રૂ. 28973 કરોડના ઈક્વિટી પ્રવાહના 40 ટકાથી થોડો વધુ છે.

## BSNLએ લોન્ચ કર્યો સેટેલાઈટ હેન્ડસેટ

**મુંબઈ, તા. 10 :**સરકારી ટેલિકોમ કંપની BSNL એ ભારતમાં એક ખાસ સેટેલાઈટ ફોન લોન્ચ કર્યો છે, જેની કિંમત રૂ. ૧,૩૪,૧૯૯ છે. સામાન્ય મોબાઈલથી વિપરીત, આ ફોન કોલ કરવા માટે મોબાઈલ ટાવરને બદલે સીધો સેટેલાઈટ નેટવર્ક (ઈનમારસેટ) સાથે જોડાય છે. આ ટેક્નોલોજીના કારણે નેટવર્ક વગરના અંતરિયાળ વિસ્તારોમાં પણ સરળતાથી વોઈસ કોલ કરી શકાશે. આ ફોન મજબૂત ડિઝાઈન, લાંબી બેટરી લાઈફ અને કટોકટીના સમય માટે ‘SOS ઈમરજન્સી સપોર્ટ’ ધરાવે છે. તે સંરક્ષણ, આપત્તિ વ્યવસ્થાપન, માઈનિંગ, દરિયાઈ ઓપરેશન તેમજ દુર્ગમ વિસ્તારોમાં જતા પ્રવાસીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ભારતમાં સુરક્ષાના કારણોસર સેટેલાઈટ ફોનના ઉપયોગ પર કડક નિયમો છે. તેથી, આ ફોન ખરીદતા કે વાપરતા પહેલા ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) ની લેખિત મંજૂરી લેવી ફરજિયાત છે. મંજૂરી વિના આ ફોન રાખવો ગેરકાનૂની ગણાશે. વધુ વિગતો માટે ગ્રાહકો BSNL ઓફિસ અથવા 9768866652 પર સંપર્ક કરી શકે છે. આ લોન્ચિંગ એવા સમયે થયું છે જ્યારે BSNL દેશમાં ૯૯,૦૦૦ નવી 4G સાઈટ્સ પણ સ્થાપી રહ્યું છે.

# વિદેશી બ્રોકરેજ હાઉસીસોએ ભારતીય બજાર માટે સૂર બદલ્યો

**નજીકના** સમયગાળામાં બજારની રોનક પરત ફરશે

**મુંબઈ, તા. 10:** ભારતીય શેરબજારોમાં વિદેશી બ્રોકરેજ હાઉસીસનો સ્વર બદલાઈ ગયો છે. તેમનું કહેવું છે કે મીડલ ઈસ્ટમાં તણાવના પુનઉત્થાનને કારણે બજારમાં તીવ્ર ઘટાડો થયો હોવા છતાં રોકાણકારોએ ચિંતા કરવાની જરૂર નથી. ઉંચા ઈનપુટ ખર્ચ અને ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાની અસર જુન કવાર્ટરમાં કંપનીઓના પરિણામો પર પડી શકે છે. જોકે, કોર્પોરેટ કમાણીમાં રીકવરી થવાની સંભાવના પર કોઈ અસર થઈ નથી.

વૈશ્વિક બ્રોકરેજ હાઉસ મોર્ગન સ્ટેનલીનું કહેવું છે કે, ભારતીય બજારમાં ઘટાડાનું કારણ સ્ટ્રકચરલ નહીં પણ ચક્રીય છે. મધ્યમ ગાળામાં ભારતીય શેરબજારની સંભાવનાઓ પર કોઈ અસર થઈ નથી. તેમણએ આ માટે ઘણા કારણો આપ્યા છે. ઉદાહરણ તરીકે વૃદ્ધિની ગતિમાં સુધારો થયો છે. અર્થતંત્રની તંદુરસ્તી સારી છે. ભાતીય બજાર વિશે બ્રોકરેજ કંપનીઓના અભિપ્રાયમાં ફેરફાર થવાનું મુખ્ય કારણ એ છે કે તેમની માગ વિશેની ચિંતા ઓછી થઈ છે.

જેફરીઝને અપેક્ષા છે કે જુન કવાર્ટરમાં આવક વૃદ્ધિ છેલ્લા 13 કવાર્ટરમાં સૌથી વધુ રહેશે. આ વધતી જતી આર્થઈક પ્રવત્તિ અને ઉંચા નજીવી જીડીપીને કારણે છે. ઓઈલ એન્ડ ગેસ અને મેટલને બાદ કરતાં કંપનીઓની કમાણીમાં વાર્ષિક ધોરણે લગભગ 12 ટકાનો વધારો થવાની ધારણા છે. ફિલિપ કેપિટલે પણ ઓઈલ એન્ડ ગેસ સિવાયના નિફ્ટીની કંપનીઓની આવક વૃદ્ધિ 15 ટકા રહેવાની અપેક્ષા રાખી છે. બ્રોકરેજ કંપનીઓએ રોકાણકારોને જુન કવાર્ટરથી આગળ જોવાની સલાહ આપી છે. ઘણા રણનીતિકારોનું કહેવું છે કે આ નાણાકીય વર્ષના બીજા કવાર્ટરમાં બજારનું ફોકસ કમાણીની ગતિ પર વધશે. યુપીએસએ કહ્યું છે કે, પશ્ચિમ એશિયામાં તણાવ ફરીથી વધવાથી ભારતમાં મધ્યમ ગાળાના રોકાણને અસર થશે નહીં.

# IOCL રૂ. ૭૫,૦૦૦ કરોડના રોકાણ સાથે વધારશે રિફાઈનિંગ ક્ષમતા

**ડિસેમ્બર** ૨૦૨૬ સુધીમાં વાર્ષિક ક્ષમતા ૯૮.૦૫ મિલિયન મેટ્રિક ટન થશે; પેટ્રો નિકાસ ૨૫% વધવાની આશા

**મુંબઈ, તા. 10:** ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOCL) દેશના ઈતિહાસના સૌથી મોટા વિસ્તરણ કાર્યક્રમ હેઠળ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં તેની રિફાઈનિંગ ક્ષમતા ૮૦.૭૫ મિલિયન મેટ્રિક ટનથી વધારીને રેકોર્ડ ૯૮.૦ canvas૫ મિલિયન મેટ્રિક ટન કરશે. આ મેગા પ્રોજેક્ટ પાછળ નક્કી કરાયેલા રૂ. ૭૫,૦૦૦ કરોડમાંથી અત્યાર સુધીમાં રૂ. ૫૩,૫ hundred૦ કરોડથી વધુનો ખર્ચ થઈ ચૂક્યો છે. આ અંતર્ગત કંપની પાણીપત (૧૫થી ૨૫ મિલિયન ટન), વડોદરા (૧૩.૭થી ૧૮ મિલિયન ટન) અને બરૌની (૬થી ૯ મિલિયન ટન) રિફાઈનરીઓની ક્ષમતામાં મોટો વધારો કરી રહી છે.

આ ક્ષમતા વધવાથી ભારતની પેટ્રોલિયમ પેદાશોની નિકાસમાં ૨૫ ટકા સુધીનો મોટો ઉછાળો આવી શકે છે, જે હાલ ૪૪.૪ બિલિયન ડોલર છે. કંપનીના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રાથમિકતા હંમેશા સ્થાનિક બજાર રહેશે, પરંતુ વધારાના ઉત્પાદનની નિકાસ કરીને કંપની તેની કુલ આવકમાં નિકાસનો હિસ્સો ૫ ટકાથી વધારીને ૧૫ ટકા સુધી લઈ જઈ શકે છે. હાલમાં ભારતની કુલ વાર્ષિક રિફાઈનિંગ ક્ષમતા ૨૫૮.૧ મિલિયન ટન છે, જેમાંથી આશરે ૬૧.૫ મિલિયન ટન ઉત્પાદન નિકાસ થાય છે. આ નિકાસમાં ૭૦ ટકા હિસ્સો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો છે. હવે IOCL દ્વારા વાર્ષિક ૧૭.૩ મિલિયન ટનનો આ નવો ઉમેરો ભારતને વૈશ્વિક રિફાઈનિંગ હબ તરીકે વધુ મજબૂત બનાવશે અને દેશની વિદેશી હૂંડિયામણની કમાણીમાં મોટો વધારો કરશે.

## નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ વિક્રમી ઉંચાઈએ પહોંચ્યો

**મુંબઈ, તા. 10:** વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ ચાલી રહી છે, ત્યારે નિફ્ટી મિડકેપ ઈન્ડેકસ વિક્રમી ઉંચાઈએ પહોંચ્યો હતો, જેમાં એક ટકાનો વધારો થયો હતો. જેમાં ઈન્ડિયન બેન્ક, કલ્યાણ જવેલર્સ જેવા શેરોએ આગેવાની લીધી હતી. ટ્રેડિંગના અંતે નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 1.40 ટકાની મજબૂતીની સાથે બંધ રહ્યો હતો. સૌથી મોટો ઉછાળો ઈન્ડિયન બેન્કમાં થયો હતો, જે આજે 10.11 ટકા વધઈને રૂ. 873.35 પર બંધ રહ્યો હતો. જેનું કારણ જુન કવાર્ટરમાં સારૂ પ્રદર્સન છે. આ સમયગાળા દરમ્યાન બેન્કનો નફો 10 ટકા વધીને રૂ. 3273 કરોડ થયો છે, જ્યારે બેન્કની કુલ આવકમાં 11 ટકાનો વધારો થયો છે. કલ્યાણ જવેલર્સના શેરમાં સતત ત્રીજો દિવસે ઉછાળો આવ્યો છે. ટ્રેડના અંતે 7.48 ટકા વધીને રૂ. 476.15 પર બંધ રહ્યો હતો. માત્ર ત્રણ ટ્રેડિંગ સેશનમાં આ શેરમાં 35 ટકાથી વધુનો વધારો થયો છે.